# પ્રાર્થના.

**सर्वे षामेव दानानां ब्रह्म दानं विशिष्यते ।**
**वार्यन्न गोमही वासस्तिल कांचन सर्पिषाम् ॥**

**मनु० ४–२३३.**

સંસારમાં જેટલા દાન છે અર્થાત્ જલ, અન્ન, ગૌ, પૃથિવી, વસ્ત્ર તિલ, સુવર્ણ એ સઘળા દાનોમાં વિદ્યા દાન સૌથી શ્રેષ્ઠ છે. વિદ્યાદાનથી જ દેશોન્નતિ થવી સંભવે છે. આ દેશ અત્રે એક છેડેથી બીજા છેડા સુધી વ્હેમથી ઘેરાયલો છે તેને મુક્ત કરવાને દરેક દેશહિત ચિંતકે અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ. ગ્રહણ વિશે જે કંઇ વ્હેમ હિંદુ સસારમાં આજે ચાલે છે એ દુર કરી સત્ય શું છે તે બતાવવાને જે અમે શક્તિવાન થયા છીએ તે આપણા લોક પ્રિય રા. બા. **લાલશંકરભાઈની** સહાયતાથી જ, એ **મહાત્મા** ને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે. પ્રાર્થના કરવામાં આવે છે કે અન્ય શ્રીમાનો પણ દરેક શુભ કાર્યમાં સહાયતા આપી કૃતાર્થ કરશે.

**અમદાવાદ,**

તા. ૧૭ ૨–૧૯૦૧.

**મોહનલાલ ત્રીભોવનદાસ,**

**મંત્રી.**

# પ્રસ્તાવના

વેદાદિ સત્ય શાસ્ત્રો અને પ્રાચિન ઇતિહાસનો અભ્યાસ કરીને ભારત વર્ષની ભૂત અને વર્તમાન દશાને સરખાવતાં જમીન આસમાનનો તફાવત માલમ પડેછે. જે દેશ એક વખતે પોતાના વિદ્યારૂપી સૂર્યથી બીજા બધા દેશને પ્રકાશિત કરતો હતો તેજ દેશને આજે એક છેડેથી બીજા છેડા સુધી અવિદ્યારૂપી અન્ધકારે ઘેરી લીધેલોછે. જે દેશમાં પેહલાં માત્ર એક **સત્યસનાતન વૈદિક ધર્મ** પ્રચલિત હતો તેજ દેશમાં આજે એટલા મતમતાન્તર ફેલાઇ ગયા છે કે તેમની ગણત્રી કરવી પણ મુશકેલ થઇ પડેછે. જે દેશના રહેવાસીઓ આ અસાર સંસારને તુચ્છ માનતા હતા અને **ધર્મ**નેજ **મુખ્યગણતા** હતા તેજ દેશના રહેવાસીઓમાંના ઘણા આજે "ધર્મ" શું છે તે પણ નથી જાણતા! જે દેશના રહીશો પેહેલા સંસારનો ઉપકાર કરવો એ પોતાના જીવનનો **મુખ્ય ઉદ્દેશ** સમજતા હતા તેજ આજે સ્વાર્થમય પુતળા બની રહ્યા છે. જે દેશના રહીશો દરેક બાબતમાં બુદ્ધિ, સૃષ્ટિનિયમ અને પ્રત્યક્ષાદિ પ્રમાણોદ્વારા દરેક ચીજની સારી રીતે, પરીક્ષા કરીને તેને સ્વીકારતા હતા તેજ દેશના લોકો આજે છેક નકામી બાબતોમાં પણ આંધળાની માફક **વળગી** રહ્યા છે.

જેના પુર્વજો સૃષ્ટિના બનાવોને જાત જાતના પ્રયોગોવડે સાક્ષાત કરીને બુદ્ધિબળ વધારીને જ્ઞાનરૂપી અગાધ સમુદ્રમાંથી આનન્દરૂપી અમૃત પાન કરતા હતા તે લોકો આજે સૃષ્ટિના સાધારણમાં સાધારણ નાવના કારણથી પણ અજ્ઞાન થઇને તેને વિષે મનમાની કથાઓ . આવી આવી મૂર્ખતાનું કેટલે સુધી વર્ણન કરીએ. લોકોની કક્ષાએ દશા તદનજ બદલાઇ ગઇ છે, મતલબ કે મનુષ્યતામાંથી નીકલી ગ-

યા છે. ચારે તરફ અવિદ્યા જ નજરે પડે છે. વળી વધારે આશ્ચર્યકારક તો એ છે કે આવી આવી મનમાની નકામી, વેદ વિરૂદ્ધ અને ધન નાશક વાતોને સૌથી મોટો ધર્મ સમજીને ઉત્સાહથી તેમાં મદદ કરે છે, જો કે ખરૂં જોતાં આ વાતોને ધર્મની સાથે કંઈ સંબંધ નથી. ધર્મ તેમનાથી દૂષિત અને કલંકીત અવશ્ય થાયછે.

ગ્રહણ એ એક શાસ્ત્રીય વાત છે અને તેનું સંબંધ જ્યોતિષ વિદ્યા સાથે છે. મનુષ્યના ધર્મ, કર્મ, અને પાપ પુણ્ય સાથે તેને કંઈ સંબંધ નથી, પણ હિંદુઓમાં એ વિષે એક આશ્ચર્યકારક કથા ચાલેછે, તે એ કે **રાહુ** એક રાક્ષસ છે, **ચંદ્રમા** અને **સૂર્ય** બે જીવધારી દેવતા છે, જેઓ રાહુના દેવાદાર છે. પોતાના પૈસાના બદલામાં બેઉ દેવતાઓને જ્યારે રાહુ ગળી જાયછે ત્યારે ગ્રહણ થાય છે, અને તેથી લોકો હાથી, ઘોડા, લોહુ, દાણા અને સ્ત્રી સુધાં પણ દાનમાં આપેછે કે જેથી રાહુ પોતાના દેવાદાર (ચંદ્રમા અને સૂર્ય)ને છોડી દે. આ ઉપરાન્ત ગ્રહણના પ્રસંગે નદી નાળા તથા તલાવોમાં (ભલેને તેઓ કાદવ કીચડથી ભરપૂર હોય તો પણ) સ્નાન કરવાનું બહુ મોટું મહાત્મ મનાય છે. આજ કારણને લીધે ગ્રહણ થતી વખતે થાનેશ્વર આદિ તીર્થો ઉપર લાખો હિંદુઓ એકત્ર થઈ મંત્ર જંત્રનો જપ કરે છે અને બબે ત્રણ ત્રણ વખત સ્નાન કરેછે અને ઘણીક જાતની લીલા કરેછે જેને જોઇને વિદ્વાન્ લોકો હસે છે. ખરૂં તો એમ છે કે વેદ અને સૂર્ય સિદ્ધાન્ત તથા સિદ્ધાન્તશિરોમણી આદિ પ્રાચીન જ્યોતિષ શાસ્ત્રોમાં આ વાતોનું નામ પણ જડતું નથી માત્ર પુરાણોમાં એના વિષે ગપોડા લખ્યા છે. અહિં આપણે તેની સત્યતા વૈદિક સિદ્ધાન્તે સાથે સરખાવીને બતાવીશું. આશા છે કે સુજ્ઞ જનો પ' મુકીને વિચાર પૂર્વક વાંચી સત્યાસત્યનો નિર્ણય કરશે જેથી ગ્રહણનું ખરૂં મહાત્મ પ્રાપ્ત થશે.

**કર્તા.**

# ગ્રહણનું વર્ણન.

## વેદ અને જ્યોતિષ શાસ્ત્રો પ્રમાણે.

**(१) सूर्या चन्द्रमसौ धाता यथा पूर्व मकल्पयत् ।**
**दिवञ्च पृथिवीं चान्तरिक्ष मथो स्वः ॥ ऋ.मं.१०सू.१९०**

**अर्थः**—જગતના ધારણ અને પોષણ કર્તા પરમેશ્વરે સૂર્ય અન ચન્દ્રને પ્રકાશમાન અને પ્રકાશરહિત તથા મધ્ય લોકને જેવા પૂર્વ કલ્પમાં બનાવ્યા હતા તેવાજ આ કલ્પમાં પણ રચ્યા છે.

**( २ ) यद्रा सूर्य्यममुं दिवि शुक्रं ज्योति र्धारयः ।**
**आदित्पे विश्वा भुवनानि येमिरे ॥**
**अथर्व. अ. द. अ. १ व. ६ म. ५**

**अर्थः**—પરમેશ્વરે આ અનન્ત તેજોમય પ્રકાશ સ્વરૂપ સૂર્ય આકાશમાં રચી ધારણ કરી પછી બીજા પૃથ્વી આદિ લોકને નિયમ પૂર્વક અર્થાત્ સૂર્યના આકર્ષણથી તેમની કક્ષાપર સ્થિત કર્યા.

**(३)सृष्टाभचक्रं कमलोद्भवेन ग्रहैः सहैतद् भगणादि संस्थैः ।**
**शश्वद् भ्रमे विश्व सृजो नियुक्तं तदन्ततारे च तथा ध्रुवत्वे ॥**
**सि. शि. गणिताध्याये.**

**अर्थः**—સર્વ જગત ઉત્પાદક પરમેશ્વરે હરેક નક્ષત્રને તેની કક્ષાપર નિયત કરી બીજા ગ્રહોની સાથે હમેશ ફરવાને નીયુક્ત ક-

યાં છે, અને તારાઓના દરેક સમુહના ઉત્તર અને દક્ષિણ તરફ એક એક ધ્રુવ નિયત કર્યા છે જે પોતાની કક્ષાપર ફરેછે.

(૪) भपंजरः स्थिरो भूरे वा वृत्या वृत्य प्राति दैवासिकौ ।
उदयास्तमयौ संपादयति ग्रह नक्षत्राणामिति ॥ आर्य्य भट्ट.

**अर्थः**—સૂર્યાદિ બધા નક્ષત્રો સ્થિર છે પૃથ્વી એજ પોતાની કક્ષાપર ફરીને સૂર્ય આદિના ઉદય અસ્તનું કારણ બને છે.

(૫) मध्ये समन्तादण्डस्य भूगोलो व्योम्नि तिष्ठति ।
बिभ्राणः परमां शक्तिं ब्रह्मणो धारणात्मिकां ॥ सूर्य सिद्धान्त.

અર્થ—પૃથ્વી બ્રહ્માન્ડ વચ્ચે આકાશમાં ( કંઇપણ આધાર વગર ) પરમેશ્વરની ધારણારૂપ પરમ શક્તિને આશરે પોતાના નિયમમાં સ્થિતછે.

( ૬ ) दिवि सोमो अधिश्रितः । अथर्वः कांः १४
अनु. १ मं १

અર્થઃ—ચન્દ્ર લોક સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થાય છે.

( ७ ) छादयत्यर्क मिन्दुर्विधुं भूमिभाः । ग्रहलाघव.

જ્યારે ફરતાં ફરતાં પૃથ્વી સૂર્ય અને ચન્દ્ર વચ્ચે આવી જાય છે ત્યારે પૃથ્વીની છાયા ચન્દ્રપર પડેછે તેને ચન્દ્ર ગ્રહણ કહેછે. તેમજ જ્યારે સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચન્દ્ર આવી જાયછે ત્યારે ચન્દ્રની છાયા પૃથ્વીપર પડેછે અર્થાત્ સૂર્ય ઢંકાયલો દેખાયછે તેનેજ સૂર્યગ્રહણ કહેછે. જુવો પ્રખ્યાત કવિ કાલીદાસ શું કહેછે.

**छायाहि भूमेः शशिनो मलत्वे नारोपिता शुद्धि मतः प्रजाभिः ॥**

**अर्थः**—ચન્દ્ર ગ્રહણમાં પૃથ્વીની છાયા ચન્દ્રમા ઉપર પડે; પણ તેને લોકો ચન્દ્રમામાં એક જાતનું કલંક બતાવે છે.

નોટ—આ ઉપરથી જણાયછે કે પંડિત કાલીદાસના વખતમાં માત્ર વિદ્વાન્ લોકોજ ગ્રહણના ખરેખરા કારણથી જાણીતા હતા, પણ સાધારણ વર્ગ ચન્દ્રગ્રહણને ચન્દ્રમામાં એક કલંક માનતા હતા એટલે અવિદ્યારૂપી અન્ધકારનો ફેલાવો ભારતવર્ષમાં શરૂ થઈ ચુકયો હતો.

આ ઉપર આપેલા પ્રમાણોથી ૪ મોટા સિદ્ધાન્ત સાબીત થાયછે.

(૧) રાત્રે આકાશમાં ચલકતા દેખાતા તારાગણ ત્રણ જાતના છે. ૧ સુર્યાદિ નક્ષત્ર જે બીજા ગ્રહોને પ્રકાશ અને ગરમી પહોંચાડે છે, અને પોતાની આકર્ષણ શક્તિથી તેમને તેમની કક્ષાપર સ્થિત રાખેછે, અને પોતે પોતાની કક્ષાપર ફરેછે પણ બીજા કોઇની ચારે તરફ ફરતા નથી. (૨) પૃથ્વી આદિ ગ્રહ જે કોઇ બીજા નક્ષત્રની ચારે તરફ ફરેછે (૩) ચન્દ્ર આદિ ઉપગ્રહ જે ગ્રહોની પરિક્રમા કરેછે.

(૨) નક્ષત્ર આદિ જડ લોક નિર્જીવ છે અને પરમેશ્વરે તેમને રચીને તેમના નિયમોથી બાંધી રાખ્યા છે. તેઓ કોઈ પ્રાણધારી દેવ અથવા ઋષી નથી.

(૩) ચન્દ્રમા પોતે પ્રકાશમાન નથી. તે સૂર્યના પ્રકાશથી પ્રકાશેછે.

(૪) જ્યારે પૃથ્વી ફરતી ફરતી સૂર્ય અને ચન્દ્રમા વચ્ચે આવી જાયછે ત્યારે પૃથ્વીની છાયા ચન્દ્રમા ઉપર પડેછે તેને ચન્દ્ર ગ્રહણ કહેછે, અને જ્યારે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચન્દ્રમા આવી જાયછે ત્યારે ચન્દ્રમાની છાયા પૃથ્વીપર પડેછે જેથી સૂર્ય કપાયલા જેવો દેખાયછે તેને સૂર્ય ગ્રહણ કહેછે.

આ સિદ્ધાન્તો વેદ અને પ્રાચીન જ્યોતિષ શાસ્ત્રના સારરૂપ છે.

સમય એવો હતો કે જ્યારે આર્યવર્તમાં નાનું બાલક પણ આ વાતોને જાણતુ હતું. અત્યારે પણ પદાર્થ વિદ્યાના શાસ્ત્રી અને

વિદ્વાન્ લોકો એમજ માનેછે. સ્કૂલો અને કોલેજોમાં પણ ઘણેખરે આ વાતો છોકરાઓને શિખવવામાં આવેછે.

---

## શ્રિમદ્ ભાગવત પૂરાણ પ્રમાણે ગ્રહણનું વર્ણન.

શ્રિમત્ ભાગવતપૂરાણ જેને બધા હિંદુભાઇઓ પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમથી વાંચેછે અને જેની કથા સાંભળવાનું મહોટું મહાતમ માનેછે અને જે વડે પૌરાણીક લોકો હજારો રૂપીઆ કમાય છે તેના આઠમા સ્કન્ધમાં નિચે પ્રમાણે હકિકત લખી છે.

જ્યારે મોહીની ( સાક્ષાત **ભગવાન** મોહિનીના રૂપમાં ) દેવતાઓને અમૃત પાન કરાવવા લાગી ત્યારે દૈત્યોની તરફ કટાક્ષની નજરે જોતી હતી તેથી દૈત્યો મોહિત અને આસક્ત બની અમૃત પીવાનું ભૂલી ગયા. મોહીની દેવતાઓનેજ અમૃત પાન કરાવતી હતી તેટલામાં સૂર્ય અને ચન્દ્રમાનો વારો આવ્યો, તેઓ પંક્તિને છેડે બેઠા હતા.

રાહુ દૈત્ય જે દૈત્યોની પંક્તિમાં બેઠો હતો તેણે વિચાર કર્યો કે આ સ્ત્રી (સાક્ષાત ભગવાન મોહીનીનારૂપમાં) બધું અમૃત દેવતાઓને જ પાઈ દેશે અને દૈત્યો એના સ્વરૂપને જોઇને ગાંડા અને આસક્ત બની અમૃત પિધા વિના રહી જશે. જો હું દેવતાનું સ્વરૂપ ધારણ કરી ચન્દ્રમા અને સૂર્ય વચ્ચે જઈ બેસું અને અમૃતપાન કરૂં તો ઠીક. શુકદેવજી કહેછે. હે રાજા પરિક્ષિત! રાહુ દૈત્ય દેવતાનું સ્વરૂપ ધારણ કરી દેવતાઓની પંક્તિમાં ચન્દ્રમા અને સૂર્ય વચ્ચે જઈ બેઠો અનેઅમૃત પિવાનું માગ્યું. *મોહિનીએ અમૃતમાંથી થોડું તેને પણ આપી દીધું. ચન્દ્રમા અને સૂર્યે કહ્યું, ઘણુંજ ખરાબ થયું કે રાક્ષસ જે

---

* ઘણી આશ્ચર્યની વાત છે કે સાક્ષાત અને સર્વજ્ઞ ભગ પણ રાહુને ઓળખ્યો નહિ.

દેવતાનું સ્વરૂપ ધારણ કરી આવી બેઠો છે તેને અમૃતપાન કરાવ્યું. શ્રી નારાયણે ( મોહિની ) તે સમયે સુદર્શણ ચક્રવડે રાહુનું માથુ કાપી નાખ્યું પરન્તુ તેને અમૃતપાન કર્યું હતું તેથી તેનો જીવ શરીરમાંથો નીકળી ન જતાં માથા અને ધડના બે રાક્ષસ બની ગયા. સૂર્ય અને ચન્દ્રમાએ કહ્યું કે આને અમૃત પાન કરેલું છે માટે તમે એના જેટલા કટકા કરશો તેટલાજ દૈત્યો બની જશે અને કોઇ દહાડે મરવાના નથી. હે રાજન ! ત્યારે શ્રી નારાયણે આજ્ઞા કરીકે તમે દૈત્યોનો સ્વભાવ છોડી તારાગણના ગ્રહ મંડળમાં જઇ રહો ત્યારથી તેમનું નામ રાહુ અને કેતુ થયું છે. રાહુ અને કેતુનું ચન્દ્રમા અને સૂર્ય સાથે વૈર અને શત્રુતા છે તેને લીધે જ્યારે સૂર્ય અમાવાસ્યાને દહાડે અને ચન્દ્રમા પુનેમને દહાડે પૂર્ણ કળાવાળા થાયછે ત્યારે રાહુ દોડીને સૂર્ય અને ચન્દ્રમાને ગળી જાય છે.

ભગવાને સુદર્શન ચક્રને આજ્ઞા કરેલી છે કે તમે સૂર્ય અને ચન્દ્રમાની રક્ષા કરતા રેહેજો તે પ્રમાણે આજ સુધી જ્યારે ચન્દ્રમા અથવા સૂર્ય રાહુ સાથે એક ઘરમાં આવી જાયછે ત્યારે રાહુ તેને ગળી જવા દોડે છે પણ સુદર્શન ચક્રને આવતો જોઇ નાશી જાય છે.

પૃથ્વીને પૂરાણમાં ચપટી (સપાટ) માનેલી છે. ભાગવતના ૩ જા સ્કન્ધમાં લખ્યું છે કે હરણ્યાક્ષ પૃથ્વીને લપેટીને પાતાળમાં લઇ ગયો. શ્રી નારાયણ વરાહનો અવતાર ધારણ કરી પૃથ્વીને છોડાવી લાવ્યા. પૂરાણોમાં એમ પણ લખ્યું છે કે જલ ઉપર કાચબો છે અને કાચબા ઉપર શેષ નાગ તેના માથા ઉપર બલદ છે જેના શીંગડા ઉપર પૃથ્વી રહેલી છે. આ બધી વાતો બધા હિંદુ લોકો માનેછે માટે તે વિષે વધારે લખવાની જરૂર અમે ધારતા નથી.

# વૈદિક અને પૌરાણિક સિદ્ધાન્તોનો મુકાબલો.

શ્રીનારાયણનું મોહિની રૂપ ધારણ કરવા ઇત્યાદિ ગપોડા મુકીને આપણે આ પુસ્તકના વિષયથી જેનો સંબંધ છે એવી મોટી મોટી વાતોનો અહિં મુકાબલો કરીશું.

| વૈદિક સિદ્ધાન્ત. | પૌરાણિક સિદ્ધાન્ત. |
| --- | --- |
| (૧) સૂર્ય અને ચન્દ્રમા નિર્જીવ નક્ષત્ર છે. | (૧) સૂર્ય અને ચન્દ્રમા પ્રાણધારી દેવતાઓ છે. |
| (૨) પૃથ્વી એક ગ્રહ છે. | (૨) પૃથ્વી એક પ્રાણધારી દેવી છે જેનું રૂપ ગૌનુ છે. |
| (૩) પૃથ્વી ગોળ છે તેથીજ તેને ભૂગોળ કહેછે. | (૩) પૃથ્વી ચટાઈની માફક ચપટી છે જેને હરણ્યાક્ષ વીંટાળીને પાતાળમાં લઈ ગયો હતો. |
| (૪) પૃથ્વી ફરેછે એટલા માટે જ એને સંસ્કૃતમાં ગૌ કહેછે જેનો અર્થ "ચાલનારી" થાય છે. | (૪) કાચબા પર શેષ નાગ છે તેની ઉપર બલદ અને તેના શીંગડાપર પૃથ્વી' રહેલી છે. |
| ( ૫ ) પૃથ્વી ચન્દ્રમા સહિત સૂર્યના આકર્ષણથી તેની ચારે તરફ ફરેછે. | (૫) સૂર્ય દેવતા પોતાના સાત ઘોડા વાળા સોનાના રથ ઉપર બેસીને પૃથ્વીને એક છેડેથી બીજા છેડા સુધી યાત્રા કરેછે. |
| ( ૬ ) ચન્દ્રમા સૂર્યથી પ્રકાશિત થાયછે. | (૬) ચન્દ્રમા પોતેજ પ્રકાશમાન છે. |
| (૭) રાહુ કોઇ વસ્તુ નથી. | (૭) રાહુ એક રાક્ષસ છે. |

(૮) જ્યારે પૃથ્વી ફરતી ફરતી સૂર્ય અને ચન્દ્રમા વચે આવી જાયછે ત્યારે પૃથ્વીની છાયા ચંન્દ્રમા ઉપર પડેછે તેને ચન્દ્ર ગ્રહણ કહેછે.

(૯) જ્યારે સૂર્ય અને પૃથ્વી વચે ચન્દ્રમા આવી જાયછે ત્યારે ચન્દ્રમાની છાયા પૃથ્વી પર પડેછે તેને સૂર્ય ગ્રહણ કહે છે.

(૧૦) સૂર્ય ચન્દ્રમા આદિ, આદિ સૃષ્ટિથી પોતાના નિયમોમાં સ્થિત છે અને ત્યારથીજ નિયમ પૂર્વક ગ્રહણ થાયછે.

(૮) જ્યારે રાહુ દૈત્ય ચન્દ્રમા દેવતાને ગળી જાયછે ત્યારે ચન્દ્ર ગ્રહણ થાયછે.

(૯) જ્યારે રાહુ દૈત્ય સૂર્યને ગળી જાયછે ત્યારે સૂર્ય ગ્રહણ થાયછે.

(૧૦) રાહુનું માથું કાપીને મોહીનીએ તેને ગ્રહમંડળમાં સ્થાપિત કર્યું ત્યારથી ગ્રહણ શરૂ થયાં.

---

## છેલ્લી પ્રાર્થના.

પ્રિય પાઠકગણ! હમે વૈદિક અને પૌરાણિક બેઉ જાતના વિચારો સૂર્ય અને ચન્દ્રમાના વિષયમાં આપની સમક્ષ મૂકી દીધા છે. હવે વિચાર કરવો તે આપનું કામ છે. ઇશ્વરે આપને બુદ્ધિ સત્યાસત્યનો નિર્ણય કરવાસારૂ જ આપેલી છે. જરીક પણ અક્કલને કામમાં લાવશો તો આપને માલમ પડશે કે ગ્રહણનું વર્ણન જે વેદાદિ શાસ્ત્રોમાં લખ્યું છે તે જ સત્ય છે. વર્તમાનકાલના મોટા મોટા વિદ્વાન્ એને જ સત્ય માનેછે અને યુક્તિ, પ્રમાણુ તથા પ્રયોગ દ્વારા સાબીત કરી બતાવેછે. શ્રિમદ્ભાગવતમાં કરેલું વર્ણન વેદ, જ્યોતિષ શાસ્ત્ર,

પદાર્થ વિદ્યા, બુદ્ધિ, અને સૃષ્ટી નિયમથી વિરુદ્ધ છે અને કોઇપણ રીતે ન મનાય એવો ગપોડો લાગે છે. ચન્દ્રમા અને સૂર્યનું દેવાદાર હોવા-નું અને ગ્રહણ વખતે દાન સ્નાન ઇત્યાદિનું મહાત્મનુ નામ પણ શ્રિ-મદભાગવતમાં નથી. હા, સ્વાર્થી લોકોની મન ગડત કથા છે તે આ-પ લોકોને ઠગવા સારૂ કરેલું છે. એના માનવામાં અને બીજાઓની પાસે મનાવામાં પાખંડીઓને તો મજાહ છે પણ તમારૂં તો માત્ર અજ્ઞાન જ કહેવાય. જો આપને આ પાખંડ જાળમાંથી નિકળવાનું ગમતું હોય અને તમારૂં તન મન અને ધન લાલચુડા અને સ્વાર્થી લોકોથી બચાવવાની ઇચ્છા હોય તો આવો આર્ય સમાજની શરણ લો જે સત્ય સનાતન વૈદિક ધર્મનો ઉપદેશ કરેછે. આ વૈદિક ધર્મ બધી જાતના પાખંડથી રહિત અને સર્વ સુખોનો ભણ્ડાર છે. સર્વ નિયન્તા જગત્પિતા પરમાત્મા પાસે હમારી એવીજ પ્રાર્થના છે કે આપને સત્ય માર્ગ ગ્રહણ કરવાની બુદ્ધિ આપે.

---

## મહાત્મ

જે કોઇ પૌરાણિક ભાઇ ખરા અન્તઃકરણથી પક્ષપાત મૂકીને વિચાર પૂર્વક આ પુસ્તકને વાંચશે તેના વિદ્યારૂપી સૂર્ય અને ચન્દ્રમા અવિદ્યારૂપી રાહુના પંઝામાંથી અવશ્ય મુક્ત થશે. ઇતિ. શમ.

**સમાપ્ત.**

# ओ३म्

# આર્ય સમાજના [

૧. સર્વ સત્યવિદ્યા અને જે પદાર્થ સત
સર્વનું આદિમુળ પરમેશ્વર છે.

૨. ઇશ્વર સચ્ચિદાનન્દસ્વરૂપ, નિરાકાર, સર્વશ.
કારી, દયાળુ અજન્મા, અનન્ત, નિર્વિકાર, અનાદિ, ર
ધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તરયામી અજર, અમર,
નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે, એનીજ ઉપાસના કરવી યોગ્ય

૩. વેદ સત્ય વિદ્યાઓનાં પુસ્તક છે. વેદનું ભણવું ભણાવવુ અને સાંભળવું સંભળાવવું સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્ય ગ્રહણ કરવામાં અને અસત્ય છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ.

૫. સર્વ કામ ધર્માનુસાર, અર્થાત્ સત્ય અને અસત્યના વિચાર કરીને કરવું જોઇએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આર્ય સમાજનો મુખ્ય ઉદ્દેશ છે. અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજીક ઉન્નતિ કરવી.

૭. સર્વ સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઇએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

૯. પ્રત્યેક પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઇએ કિંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

૧૦ સર્વ મનુષ્યોએ સામાજિક સર્વ હિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ, અને પ્રત્યેક હિતકારી નિયમમાં સર્વ સ્વતંત્ર છે.

કીંમત

| | |
|---|---|
| | ૨—૦— |
| ચભૂમિકા. | ૨—૮— |
| ૧. | ૧—૪— |
| ોફ પં. ગુરૂદત્ત. | ૧—૪— |
| . દયાનન્દનું જીવન ચરિત્ર. | ૬—૧૪— |
| તૈત્તિરીયોપનિષદ. | ૦—૮— |
| ૭ ભ્રમનાશક. | ૦—૧૨— |
| ૮ ભિક્ષુક નિબંધ. | ૦—૮— |
| ૯ વ્યવહારદર્શન. | ૨—૮— |
| ૧૦ સામાજીક પ્રોત્સાહ. | ૦—૪— |
| ૧૧ વેદિક ધર્મ પ્રચાર. | ૦—૧૨— |
| ૧૨ વેદાન્ત ધ્વાન્તી નિવારણ | ૦—૧— |
| ૧૩ સંધ્યોપાસનવિધિ. | ૦—૦— |
| ૧૪ પૂરાણોત્પત્તિ. | ૦—૦— |
| ૧૫ સ્વર્ગમાં સબ્જેક્ટકમિટી. | ૦—૩— |
| ૧૬ શત પ્રશ્નાવળી. | ૦—૧— |
| ૧૭ આર્ય અનાર્ય. | ૦—૨— |
| ૧૯ તત્વ નિર્ણાયક | ૦—૪—૦ |